પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૪) અંક નં. ૪૭ | ૨૮ એપ્રિલ, ૨૦૧૯, રવિવાર; ચૈત્ર વદ - ૯ | પાનાં - ૮ કિંમત રૂ. ૨.૦૦

# રાજ્યમાં કાળઝાળ ગરમી : ૧૭ વર્ષનો રેકોર્ડ તૂટ્યો

**મોડાસામાં સૌથી વધુ ૪૮ ડિગ્રી : સુરેન્દ્રનગર ખાતે પારો ૪૫, અમદાવાદ, ભુજ તેમજ રાજકોટમાં પારો ૪૪થી ઉપર પહોંચ્યો : અમદાવાદ માટે રેડ એલર્ટની ઘોષણા : પારો ૪૭ સુધી જશે : પાંચ શહેરોમાં ઓરેન્જ એલર્ટ જાહેર : આગામી ત્રણ દિવસ હિટવેવની આગાહી**



અમદાવાદ,તા. ૨૭

અમદાવાદ સહિત સમગ્ર ગુજરાતમાં કાળઝાળ ગરમીના પ્રકોપને લઈ નાગરિકો ત્રાહિમામ્ પોકારી ગયા છે ત્યારે હજુ પણ આગામી ત્રણ દિવસ સુધી હીટવેવની અસર ચાલુ રહેવાની હવામાન ખાતા દ્વારા આગાહી કરાઈ છે. બીજીબાજુ, આજે રાજ્યમાં ગરમીનો છેલ્લા ૧૭ વર્ષનો રેકોર્ડ તૂટી ગયો હતો. એપ્રિલ માસમાં ગરમીનો પારો આટલો ઉપર પહોંચ્યો હોય તેવી પ્રથમ ઘટના ૧૭ વર્ષ પછી સામે આવતાં ૧૭ વર્ષનો રેકોર્ડ તૂટયો છે. આજે મોડાસામાં બપોરના ગાળામાં રેકોર્ડ ઊંચી સપાટીએ તાપમાન પહોંચી ગયું હતું. મોડાસામાં બપોરના ગાળામાં પારો ૪૮ સુધી પહોંચ્યો હોવાના સમાચાર મળ્યા છે. બીજી બાજુ વાવમાં ૪૭, સુરેન્દ્રનગરમાં ૪૬ સુધી બપોરના ગાળામાં પારો પહોંચ ગયો હતો. અમદાવાદ શહેર માટે રેડ એલર્ટની જાહેરાત બે દિવસ માટે કરવામાં આવી છે. આજે અમદાવાદ શહેરમાં પણ લોકોની હાલત કફોડી બની ગઈ હતી. અમદાવાદમાં એપ્રિલ માસમાં આટલી ગરમી સૌપ્રથમવાર નોંધાઈ હોઈ અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા રેડ એલર્ટ જાહેર કરાયું છે. સાથે સાથે ગરમીને લઈ અમ્યુકો દ્વારા ખાસ એકશન

● અનુસંધાન પાન-૭ પર

# દેશભરમાં વિક્રમી ગરમીથી હાહાકાર

**૧૫ ભારતીય શહેરો વિશ્વના સૌથી હોટ શહેરો રહ્યા : મધ્યપ્રદેશ, મહારાષ્ટ્રના કેટલાક વિસ્તારોમાં પારો ૪૭ની નજીક પહોંચતા હાહાકાર**

નવી દિલ્હી, તા. ૨૭

દેશભરમાં આગઝરતી ગરમી પડી રહી છે. ગરમીના કારણે લોકોની હાલત કફોડી બની ગઈ છે. ખાસ કરીને મધ્ય ભારતમાં સૌથી વધારે ગરમીનો અનુભવ થઈ રહ્યો છે. સમગ્ર વિશ્વમાં સૌથી વધારે ગરમી ભારતમાં ૧૫ શહેરોમાં નોંધાઈ હોવાના અહેવાલ આવ્યા બાદથી તંત્ર દ્વારા પણ ગરમીથી બચવા માટે વિવિધ પગલાં લેવામાં આવી રહ્યા છે. ગઈકાલે શુક્રવારના દિવસે મધ્ય ભારતમાં સૌથી વધારે ગરમીનો અનુભવ થયો હતો. ૧૫ શહેરોમાં સૌથી વધારે ગરમી નોંધાઈ હતી. અલડોરાડો વેધર વેબસાઈટ દ્વારા જણાવવામાં આવ્યું છે કે શુક્રવારના દિવસ મધ્ય ભારત અને આસપાસના વિસ્તારોમાં પારો સૌથી ઉંચે પહોંચી ગયો હતો. જેથી એલર્ટની જાહેરાત પણ કરવામાં આવી હતી. મધ્યપ્રદેશમાં ખરગોન ખાતે પારો ૪૬.૬૦ સુધી પહોંચી ગયો હતો. જ્યારે વિદર્ભમાં અકોલા ખાતે મહત્તમ તાપમાન ૪૬.૪ સુધી પહોંચ્યું હતું. ગરમીના પ્રમાણમાં હજુ પણ વધારો થવાના સંકેત મળી રહ્યા છે. મહારાષ્ટ્રના નવ શહેરોમાં પારો રેકોર્ડ ઉંચી સપાટીએ પહોંચ્યો હતો. વેબસાઈટની યાદીમાં જે ૧૫ શહેરોમાં શુક્રવારના દિવસે વિશ્વમાં સૌથી વધારે ગરમી

● અનુસંધાન પાન-૭ પર

**સૌથી હોટ શહેરો**

| શહેર | તાપમાન |
|---|---|
| ખરગાવ (મધ્યપ્રદેશ) | ૪૬.૬ |
| અકોલા (મહારાષ્ટ્ર) | ૪૬.૬ |
| બ્રહ્મપુરી (મહારાષ્ટ્ર) | ૪૫.૮ |
| પરભાની (મહારાષ્ટ્ર) | ૪૫.૭ |

## માનહાનિ કેસમાં રાહુલ સામે સમન્સ

પટણા, તા. ૨૭

લોકસભા ચુંટણીને લઈને રાજકીય ગરમી વચ્ચે કોંગ્રેસ પ્રમુખ રાહુલ ગાંધીની મુશ્કેલીઓ વધી રહી છે. ચોકીદાર ચોર હે ને લઈને તેમના નિવેદન બાદ તેમની મુશ્કેલીઓ ઘટવાના બદલે વધી રહી છે. હવે માનહાનિના કેસમાં રાહુલ સામે સમન્સ જારી કરવામાં આવ્યું છે.

કોંગ્રેસ પ્રમુખ રાહુલ ગાંધીએ બિહારના સમસ્તીપુરમાં ચુંટણી રેલીમાં વારંવાર ચોકીદાર ચોર હેના નારા લગાવ્યા હતા. આ સંદર્ભમાં આરા સિવિલ કોર્ટમાં તેમની સામે માનહાનિનો કેસ દાખલ કરવામાં આવી ચુક્યો છે.

# સન્ની દેઓલના રોડ શોમાં ભારે ભીડ

**રાજસ્થાનમાં મિશન-૨૫ ને લઈને ઉત્સુકતા : સન્ની દેઓલના શાનદાર રોડ શોમાં હિન્દુસ્તાન જિંદાબાદ થા, જિંદાબાદ હે ઔર જિંદાબાદ રહેગાના નારાઓ લાગ્યા**

બાડમેર, તા. ૨૭

લોકસભા ચુંટણી માટે રાજસ્થાનમાં મિશન-૨૫ ને લઈને જોરદાર ચુંટણી પ્રચારમાં લાગેલા ભારતીય જનતા પાર્ટીએ આજે આક્રમક પ્રચાર જારી રાખ્યો હતો. આજે ચુંટણી પ્રચારના ચોથા તબક્કા માટેનો અંત આવ્યો હતો. આજે ચોથા તબક્કા માટે ચુંટણી પ્રચારના છેલ્લા દિવસે ભાજપે તમામ તાકાત લગાવી હતી. ભાજપ તરફથી ગ્લેમરનો રંગ પણ ઉમેરવામાં આવ્યો હતો. ભાજપમાં હાલમાં જ સામેલ થયેલા સન્ની દેઓલે બાડમેરમાં રોડ શો કરીને ભાજપની તરફેણમાં માહોલ બનાવવાના પ્રયાસ કર્યા હતા. આ ગાળા દરમિયાન એકબાજુ રેલીમાં જોરદાર લોકો ઉમટી પડ્યા હતા. બેકગ્રાઉન્ડમાં સન્ની દેઓલના સમર્થકો તેમની ફિલ્મ ગદરના ડાયલોગ હિન્દુસ્તાન જિંદાબાદ થા, જિંદાબાદ હે ઓર જિંદાબાદ રહેગાના નારા લગાવતા નજરે પડ્યા હતા. બેકગ્રાઉન્ડમાં સમર્થકો નારેબાજી કરતા નજરે પડ્યા હતા. સ્પીકર ઉપર પણ આ ડાયલોગ

● અનુસંધાન પાન-૭ પર



# ઝીણાનું ભૂત ધુણ્યું : ફસાઈ જતા શત્રુઘ્ને કરેલો ખુલાસો


**જીભ લપસી જતા નિવેદન થઈ ગયું : શત્રુઘ્ન : શત્રુઘ્ન સિંહા ભાજપમાં હતા ત્યારે રાષ્ટ્ર પ્રેમની વાત કરતા હતા કોંગ્રેસમાં જતા જ ઝીણાની પ્રશંસામાં લાગી ગયા છે**



પટણા, તા. ૨૭

દેશની સ્વતંત્રતા અને પ્રગતિમાં મોહંમદ અલી ઝીણાનું પણ યોગદાન રહેલું છે તેમ કહીને ચારેબાજુ વિવાદમાં ફસાયેલા શત્રુઘ્ન સિંહાએ આ મામલામાં આખરે ખુલાસો કર્યો છે. ભાજપમાંથી બળવો કરીને કોંગ્રેસમાં સામેલ થયેલા શત્રુઘ્ન સિંહાએ ઝીણાના નામને લઈને હોબાળો થયા બાદ હવે કહ્યું છે કે તેમની જીભ લપસી જતા આ પ્રકારનું નિવેદન થયું હતું. ઝીણાનું નામ લેવામાં આવ્યા બાદ ભાજપ પ્રમુખ અમિત શાહ, સાંસદ મનોજ તિવારીએ શત્રુઘ્ન સિંહા ઉપર પ્રહારો કર્યા છે. કોંગ્રેસની ટિકિટ પર પટણાસાહિબમાંથી ચુંટણી મેદાનમાં ઉતરેલા શત્રુઘ્નએ કહ્યું હતું કે તેઓએ જે કઈપણ કહ્યું હતું તે જીભ લપસી જવાના કારણે થયું હતું. તેઓ એ વખતે મૌલાના આઝાદનું નામ લેવા ઈચ્છુક હતા પરંતુ તેમના મુખથી મોહંમદ અલી ઝીણાનું નામ નીકળી ગયું હતું. તેઓ પોતે પણ આશ્ચર્યચકિત છે. જોકે આમાં કોઈ મોટી ભુલ કરી નથી જેથી માફી માંગવાનો પ્રશ્ન થતો નથી. તેઓ વડાપ્રધાનની જેમ મુદ્દાઓને ભટકાવવા માંગતા નથી. મોદીએ કહ્યું હતું કે ૬૦૦ કરોડ લોકોને રોજગારી આપી છે. આવી વાત કરી ત્યારે તેમને કોઈએ પ્રશ્ન કર્યો ન હતો. છત્તીસગઢમાં છીંદવાડામાં ચુંટણી જનસભા

● અનુસંધાન પાન-૭ પર


Opening Today

Invitation

SMART LIVING

most exclusive show room for Security and Automation

Inauguration

Shri Surendrabhai Patel
Treasurer - BJP - (Gujarat State)
Ex. M.P., Ex. Chairman AUDA

Chief Guest

Shri Kirit Adhvaryu
State Information Commissioner,
Ex. Secretary (Services)

Guest of Honor

Dr. Bhaskar Bhatt
Homoeopath
Ex. President - HMAI
Ex. President - Arogya Bharti

Shri Krishnakant Jha
Gandhinagar Samachar
President
Gandhinagar Cultural Forum

Please join us and Grace the Occation

: DATE :
Sunday, 28th April 2019 • 10.00 A.M.

: PLACE :
129, Yash Plaza, PDPU Road,
Raysan, Gandhinagar

Bipin Bhatt
GAS Rtd.

Romanch Bhatt
99740 16036

Security | Automation | Home Theater | Solar Rooftop

www.mysmartliving.in







